| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |


**તા.૨૫/૧૧/૨૦૨૩  શનિવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૯૦૭/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૧ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી, ૨૧૬ લીટર દેશી દારૂ, ૨ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૬૪ બિયર ટીન, એક છોટા હાથી અને ૨ સ્કુટર કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૯૦૮/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૯૦૯/૨૦૨૩

**માધવપુરાઃ** અશોક અજીતભાઈ પુરોહિત (ઉ.વ.૬૨) (રહે. રઘુકુળ સોસાયટી કોઠારી હોસ્પિટલ સામે શાહીબાગ માધવપુરા) એ તા.૨૪/૧૧/૨૦૨૩ ના રોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૧૧/૨૦૨૩ રાતના ૮/૦૦ થી તા.૨૨/૧૧/૨૦૨૩ કલાક ૭/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી કબાટમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૫૧,૦૦૦/-, ચાંદીના દાગીના કિમત રૂપિયા ૧૪,૦૦૦/- તેમજ રોકડ રૂપિયા ૨૫,૦૦૦/- ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એલ.એચ.ગોહીલ ચલાવે છે.

**પાલડીઃ** દિપેનભાઇ સુરેશભાઇ પટેલ (રહે. નિના સોસાયટી શ્રેયસ ક્રોસીંગ પાસે આંબાવાડી એલીસબ્રીજ) એ તા.૨૪/૧૧/૨૦૨૩ ના રોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૧૧/૨૦૨૩ કલાક ૧૨/૧૦ થી ૧૨/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પાલડી ધરણીધર પારસમણી જેમ્સ પ્રાઇવેટ લીમીટેડ શો-રૂમમાં સ્ટાફની નજર ચુકવી એક સ્ત્રી સોનાની બંગડી નંગ-૨ કિમત રૂપિયા ૧,૪૪,૦૦૦/- ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એમ.માલીવાડ ચલાવે છે.

**સોનાની ચેઈન ઝુંટવી લઇ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૯૧૦/૨૦૨૩**

**નારણપુરાઃ** હેમાંગ સ/ઓ પ્રફુલભાઇ રાણીગા (ઉ.વ.૨૪) (રહે.ફ્લેટ નંબર-30 શાસ્ત્રીનગર નારણપુરા) તા.૨૩/૧૧/૨૦૨૩ કલાક ૦૦/૩૦ વાગ્યાના સુમારે નારણપુરા બ્લોક નંબર-એલ/૫/૧૯ શાસ્ત્રીનગર સરકારી વસાહતના બ્લોક સામેથી પસાર થઇ રહ્યા હતા ત્યારે એક એક્સેસ સ્કુટર ઉપર આવેલ બે પુરૂષ હેમાંગ રાણીગાના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૬૦,૦૦૦/- ઝુંટવી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ હેમાંગ રાણીગાએ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.બી.ગૌસ્વામી ચલવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૯૧૧/૨૦૨૩**

**ગુજરાત યુનિવર્સિટીઃ** ગુલબાઇ ટેકરા દિપ્તી બેંક ઓફ ઇન્ડીયા સોસાયટીમાં આવેલ “શ્રીજી પી.જી.” ખાતે રહેતા અક્ષત સંતોષ ઉપાધ્યાય (ઉ.વ.૨૭) (મુળ વતન. જુનીયર એમ.આઇ.જી.રાયસેન માર્ગ ઓલ્ડ સુભાષનગર હુજુર ભોપાલ, મધ્યપ્રદેશ) એ અગમ્ય કારણસર તા.૨૪/૧૧/૨૦૨૩ કલાક ૧૦/૦૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે છતના લોખંડના હુકમાં ચાદર બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ગુજરાત યુનિવર્સિટી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.આર.ચૌધરી ચલાવે છે.

**વેજલપુરઃ** હર્ષીલ જયેશકુમાર ફડિયા (ઉ.વ.૩૧)(રહે.ઓમ શાંતિનગર સોસાયટી શ્રીનંદનગર વિભાગ-૨ પાસે મકરબા રોડ વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૨૪/૧૧/૨૦૨૩ સાંજના ૬/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પોસઇ.શ્રી એન.એન.ચૌધરી ચલાવે છે.

**નરોડાઃ** બીપીનભાઇ ધનાભાઇ પરમાર (ઉ.વ.૫૪) (રહે.આત્રેય ઇવાન-૩ એસ.પી.રીંગ રોડ, કરાઇ કટ પાસે, નાના ચીલોડા) એ બીમારીથી કંટાળી તા.૨૪/૧૧/૨૦૨૩ સવારના ૯/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી આઝાદસિંહ દલજીતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી